હંતલશેઠ દુઃખદર્શક નાટક.

[સાહસ વ્યસન નિષેધક.]

ઘણાંજ સરસ રાગોમાં રચનાર

શા. નાનાલાલ મગનલાલ.

"અમદાવાદ પુસ્તક પ્રસારક મંડળી"ના મેનેજર

(આવૃત્તિ બીજી   પ્રત ૫૦૦.)

અમદાવાદ.

"સ્વદેશભક્ત પ્રિન્ટીંગ" પ્રેસ.

સંવત ૧૯૪૬.   સન ૧૮૯૦.

કીમત બે આના.

૪૦૬૪

દંતલશેઠ દુઃખદર્શક નાટક.

(સ્થળ રંગભૂમી.)

રાગ કલ્યાણ.

———0૦0———

પ્રીય સભાજનો, ભલે આવીઆ તમો;
અતિ ઉમંગે આજ ખેલ, ભજવીએ અમો—ટેક.
ભરતખંડની અંદર સુંદર, વધમાન શેહેર સાર;
તે નગરીના સુરશેન રાયે, કર્યુંતું સાહસ કામ—પ્રીય સભા૦
ઘડયો ગોરંભે ઘાટ ઘણો નીચ, વાળવાને નીજ વેર;
વિદુષકના ભંભેર્યાથી, પકડી નીચી પેર— પ્રીય સભા૦
દંતલશેઠને દુઃખ બહુ દીધું, કરી પ્રપંચ અપાર;
પાછળથી પસ્તાવો કીધો, માગી એણે માફ—પ્રીય સભા૦
પ્રભુજી મેહેર કરીને આજે, જગત તણા પ્રતીપાળ;
સત્ય માર્ગમાં ચાલવા સૌને, નિત્ય આપજે જ્ઞાન—પ્રીય સભા.
ગુણના ગ્રાહક દેશીમીત્રને, વિનવું પ્રીતીપૂર.
માફ કરી આ મનમાં લેશો, દોષ કરીને દૂર—પ્રીય સભા.

સુરશેન— **રાગ ઓખાહરણનો.**

પ્રધાન ના'રે દીસે સભામાંહીં, તેનું શું છે કારણ મારા ભાઇ?
મહા ચતુર પ્રધાન છે મારો, કદિ નવ ગમે કરવો ન્યારો.
કાજી—એમને ઘેર લગ્ન રાજા મારા, નથી આવ્યા પ્રધાન તમારા;
માટે વાર એમને બહુ લાગી, તેમાં શીદ જાઓ અકળાઈ?
સુરસેન—ઘડી એક વરસસમ થાય, મારૂં ચિત્ત અતિ અકળાય;
જલ્દી જઇને બોલાવી લાવ્ય, જેથી થાય મને આરામ;
કાજી—આપ આજ્ઞા શીર ઉઠાવું, સત્વર જઇને બોલાવી લાવું.
પ્રધાન—(આવીને) માફ કરજો પ્રજા પ્રતિપાળ, આજ શેવકને થઈવાર
પરણાવવી છે પુત્રી મારી, તેથી ખટપટ ઘરમાં છે ભારી.
સુરશેન—શું પુત્રી તમારી પરણાવો ! ત્યારે ઉમંગથી લ્યો લ્હાવો;
આંહીંા આપુ સોનૈયા હજાર, ભલે વાવરો લગ્નમાં સાર.
વિદુષક—મારા બાપ આતે શું કહેછે, શેઠજીનો ખજાનો ભરેછે,
મારે ઘેર કુંભારજા રાંડ, તેની કોઇ ન લે સંભાળ.

પ્રધાનજી— **ગીતિ.**

બોલ વિદુષક પ્યારા, શું દુઃખ પડયું છે માથે તારે;
ગો બ્રાહ્મણ પ્રતિપાળ, મહિપતિ આશ પુરી પાડે.
વિદુષક—(નાક કાન પડયા મુકી ફુવેડનો ફજેતો સાંભળો.)

મેરે ગમકા તરાના, સુણીયે ફિસાના—એ રાગ.

મારા કરમની કાણી, દુઃખની વાણી, સાંભળો ને રાય;
કુંભારજા નારી, પુરી દિવાની, કરમની કાણી—સાંભળોને રાય.
હું આવું છું રાજસભામાં, જ્યારે આપની પાસ,

ઘી ગોળ સઘળાં ચાટી જઇને, પછી બેસે છે બહાર;
આવી હું જાણી, રાંડ હરામી, દુ:ખની વાણી—સાંભળો.
બાબરીયાંમાં બહુ છે જુંઓ, લીખોનો ભંડાર,
ખંખેરે તો ખોળો ભરાય, લુગડાં ગંદા ગાર.
એવી નારી છે સારી, કુત્તાની માસી—દુ:ખની વાણી—સાંભ.
બોલું ઝાઝું તો બાઝવા આવે, ગાળોનો પ્રસાદ.
વારવા જાઉં તો સામી થઇ, ધોકણું લેવા ધાય;
ત્યારે બંદા નાશી, આવેછે આંહી, દુ:ખની વાણી—સાંભળો.
(રાજા ખુશી થઇને ઇનામ અપાવે છે-કચેરી બરખાસ્ત.)

હે ચાંપરાજ હે ચાંપરાજ—એ રાગ

દંતલશેઠ—સુણો જોષીરાજ (૨) તમે મુજ તણી એક વાત;
નોતરાં સૌને દેઇને, પછી આવો મારી પાસ.
પછી રસોઈ તણી (૨) કરોને તૈયારી આપ
જમવાને ઝટ આવશે શૂરશેનજી મહારાજ.
જોષી—આખું નગર ફરી (૨) મેં નોતરી સઘળી નાત;
જમવાને પણ આવીઆ છે મિષ્ટાની સરદાર.
સૌ રસોઈ તૈયાર (૨) બની ચુકી છે હાલ
વિલંબ અમારે જરી નથી હવે માહારાજાની વાર
દંતલશેઠ—(સુરશેન રાજાને જોઇને)

અમે ઈશ્વર માગીએ એટલું—એ રાગ

ભલે ભલે આવ્યા તમે રાયજી, મારે મન ઉમંગ અપાર.
પ્રજા પ્રતિપાળ—પધારીયા રાયજી.

માારૂં ઘરતો પાવન તમથી થયું, અમ લાજ વધારી વિશેષ;
રાખી બહુ હેત—પધારીયા રાયજી.
પ્રભુ અચળ રાખજો આપને, જશ જુગોજુગ ગવાય;
કીર્તિ બહુ ફેલાય—પધારીયા રાયજી.

ઈંદરસભામાં ગવાતી ઠબ.

સુરશેન—એ શું બોલો છો તમે વિવેકી મુજ પ્રધાન;
રાજ્ય નિતિની રીતથી, અમે આવ્યા તમ મુકામ.
પ્રજા અમારે પુત્ર સરખી નિત્ય પાળવી;
પરંપરાથી ચાલી આવે કુળાચારથી.
(ઝાડુ કહાડનાર ગોરંભ અને વિદુષક જમવા આવે છે)

ગરબો—ફેરબો.

ગોરંભ—જમવા જમવાને અમે આજ આવ્યારે.
વિદુષક— શેઠ! શેઠ! બંદા તો આ આવ્યારે.
જમવા માટે આપો અમને લાડુ ને દુધપાક.
ગોરંભ—મને ખાજાં ખીર મજેથી ઉતરેમારો થાક-જમવા જમ.
દંતલશેઠ—બેસો પેલે ઓટલે જઈને ઘડી એક તો થોભો;
એઠુંજુઠું વધશે એટલે આપીશ તમને ખોબો-જમવા.

રાગ સદર.

વિદુષક—ગોરંભ ગોરંભ તું તો સુણ વાત મારીરે;
શેઠજી તો ચાલ્યા ગયા મૂકી તમને બહાર.
એઠુ જુઠું વધશે ત્યારે છે તને આપનાર.—ગો ભ.
ગોરંભ—એ મારૂં અપમાન કરીને ક્યાં સુધી જનાર;

ધીઃક પડયો અવતાર મારો જોના કરૂં બેહાલ.
(એમ કહી ગોરંભ ચાલ્યો જાય છે એટલામાં પ્રધાન આવેછે).

બનજારો.

દંતલશેઠ—તમે લ્યોને વિદુષક પ્યારા, આ લાવ્યો માટ તમારા
આ લાડુ અને દૂધપાક, છે દાળના બેગો ભાત;
શાક નવિન છે આ ન્યારાં, તમે લ્યોને વિદુષક પ્યારા.
સુખે જમોને પ્રીતે આજે, ખુશી થઈને મનમાં વધારે;
આણી હર્ષ દીલમાં તમારા, તમે લ્યોને વિદુષક પ્યારા.
આ બીજું ગોરંભજી માટે, એમને જમાડજો ઉલ્લાસે;
છે ભાગ એમના ન્યારા, તમે લ્યોને વિદુષક પ્યારા.

ગોરભં—જતાં જતાં માર્ગમાં.

સુણો દિલ્લી—એ રાગ.

મારૂં અપમાન કોણ કરનાર, વાળુ હું વેર આજ મારૂંરે.
એનો અભિમાન ઉતારનાર, વાળુ હું વેર આજ મારૂંરે.
મદ કરીને ભલે છલકાય, ”
કરૂં રાજા કોપે તેહ ઉપાય. ”
ઝાઝો પૈસો દેખી ભલે મલકાય, ”
એનો ઉતારૂ ગરવ આ વાર. ”
એઠું જુઠું એ ખાવાનું કહેનાર, ”
મને છેડીને શો લાભ લેનાર. ”
હવે જાઉં હુંતો જલદી મારે ઘેર, વાળું હું વેર આજ મારૂંરે
ખરી ખોટી કહાડું એક પેર, વાળું હું વેર આજ મારૂંરે.

(રાજા દિવાનખાનાામાં સુતા છે ત્યાં ગોરંભ વાસીદું વાળતાં બોલે છે.)

દોહરો.

ગોરંભ— પ્રધાન કેવો નિચ છે, કરે કર્મ અઘોર;
રાણી ભેગો સુઇ રહી, ઇચ્છીત ભોગવે ભોગ.
પ્રેમદાની મતી પા'નીયે, મનમાં ન મળે વિચાર;
સાહસઘાત કરતાં થકી, લહે ન સાર અસાર.
[રાજા સાંભળવાથી ફરીથી પૂછે છે.]

ગોરંભ— **ઓખાહરણ.**

હુંતો ભૂલ્યો ચુક્યો માબાપ, રીસ મત કરશોજી આપ;
ભવૈ જોવા ગયો'તો આજ, તેથી ઉંઘમાં બોલ્યો મહારાજ.
સુરસેન—[વહેમ પડવાથી ગુસ્સે થઇને પ્રધાનને ચિટ્ટી લખે છે.]

લલિતા— (પોતાની સખીને સાસરે જતી જોઇને)

કહું શું નશીબે દુખીયો કીધો છે—એ રાગ.

સખીરે અમારી તું સાસરે જાયે, જીવ અમારો અતિ અકળાયે;
તારૂં હેત ભૂલી ન જવાયે, ઘડી ઘડી તે યાદજ આવે-સખીરે.
કહીશ છાની હવે વાતો કે'ને, વારે વારે પ્યાર મુને સતાવે-સખીરે.
જાજા કહેતાં જીવ જાય છે મારો, વિયોગનું દુઃખ મુને બહુ થાયે. સ.
કમળા—સાસુ સસરાની સેવા તું કરજે, સ્વામીનું મન સદા સાચવજે—સખીરે.

સગાં સબંધી ન ભૂલી જતી તું, કાગળ પત્ર લખતી રેહેજે. સ.

મણીબેન— **રાગ સીતાજીના મહીનાનો.**

નવ દુ:ખી થશો મારી બેન, સખી મુજ પ્યારી;
સાંભળીને તારી વાત, કાયા કંપે માહરી.

ચંદ્રપ્રભા— **મામેરૂં મોંઘા મુલનું.**

મારી વાત સાંભળ શાણી દીકરી,
તારૂં હિત થાવાનું જે કામ—શીક્ષા સુણો હિતની.
સાસુ સસરાની પ્રીતે સેવા કરવી,
તેનો પ્રેમ લેવા જોવો લાગ—શીક્ષા સુણો હિતની.
પરઘેર દર્શન બજારમાં,
કદિ એકલાં નવ જવાય—શીક્ષા સુણો હિતની.
સાસુ સસરાની આજ્ઞા ન લોપવી,
વળી વરનું સાચવવું મન—શીક્ષા સુણો હિતની.
તારે હાથે ચતુરાઈ ચુડો પહેરજે,
વળી સભ્યતા ચાંલ્લો કપાળ—શિક્ષા સુણો હિતની.
વાહાલી મેં જે શિખામણ દીધી તને,
તે તું રાખજે હૈયા સાથ—શીક્ષા સુણો હિતની.

સુણો દિલ્હી તખ્ત ધરનાર.

ધિ:ક ધિ:ક તુજને પ્રધાન, વ્યભિચારી તું કેમ થયોરે;
તેં તો કીધુ કેમ અઘટિત કામ, વ્યભિચારી.
કીધો મુને કેમ વિશ્વાસઘાત, વ્યભિચારી.

ખોઇ તારા માત કુળની લાજ; વ્યભિચારી.
રાજપુત્રી કહેવાય તારી માત, વ્યભિચારી.
તેની સાથે રમ્યો તું જાર. વ્યભિચારી.
નવ દેખાડીશ હવે તારૂં મુખ, વ્યભિચારી.
નથી જન્મ્યો વણિક તણી કુખ; વ્યભિચારી.
મારા રોમ રોમ પ્રગટી ઝાળ, વ્યભિચારી.
બળી બળીરે જજો તારી જાત. વ્યભિચારી.

ઓખાહરણનો.

નથી નથીરે કીધું કામ ક્રૂર, રાજા ગુસ્સે થયા મુજ ઉર;
તેની બાળ હવે નથી જડતી, દશા કેમ કરી મારી પડતી.
ટાંણે સુપર્વ રહ્યુ શોક સાહી, હૃદય જાય છે મારૂં ચીરાઇ;
મારા સુખનો છેડો આવ્યો, પ્રભુ મેહેર કરોને ઉગારો.
નથી બચવા તણો કાંઈ આરો, ચો તરફથી મુજ થશે મારો;
કરૂં કેમ હવે હે ઈશ, નથી રસ્તો બીજો જગદીશ.

(સ્થળ રાજ્ય માર્ગ.)

ગોરંભ— **રાગ ઈંગરેજી.**

શત્રુ મારો પેલો આવ્યો, પકડી એને લાવો યાર!
મારી મૂક્કી લાતો પીડે, પહોંચાડો જલદી જમદ્વાર. શત્રુ.
એ મારૂં અપમાન કરીને, ક્યાં સુધી આઘો જાનાર;
મણની છપાંચ્છેરી કરી, વાળું મારા દીલની દાઝ. શત્રુ.
નથી ઓળખતો આ દાદાને, જલ્દી બતાવું મારા હાથ;
યાદ રાખો બેટા હમારા, હવે જુઓ અમારા હાથ. શત્રુ.

ગોરંભ— **રાગ મરસીઓ.**

ઓય હાયરે પસ્તાવો દિલ બહુ થાય છે, પસ્તાવો દિલ બહુ થાયછે
મારૂં કાળજું કારી કોરાય છે, રી ઓય હાયરે દિલ બહુ થાયછે.
વિદુષકે બહુ ચડાવી, દ્વેષ બુદ્ધિ મને ઉપજાવી;
તેથી મતી સુઝી નઠારી, રી ઓય હાયરે પસ્તાવો દિલ બહુ થાયછે.
એની મતીથી હું તો બહુ ખીલ્યો, સુતા રાજાને જઇ ભંભેર્યો;
ઘાટ નિશ્ચે કર્યો તોમેં એવો, રી ઓય હાયરે પસ્તાવો દીલ બહુ થાયછે
ચિત ચકડોળે એણે ચડાવ્યું, મન માંકડાની પેરે ભમાવ્યું.
તેથી શાણપણું મેં ગુમાવ્યું, રી ઓય હાયરે પસ્તાવોદીલ બહુથાયછે
હવે થાય છે ઘણું પસ્તાવું, કો દીન કરીશ ન આવું;
સોગન ખાઇને નકકી જણાવું, રી ઓય હાયરે,
માફ કરજો જરૂર મારા શેઠ, છે માથું તમ પગની હેઠ;
એટલું કહેછે સેવક ધરી હેત, રીઓય હાયરે પસ્તાવો દીલ બહુ થાયછે

સુરશેન—રાણીને ફીટકાર દે છે.

સુણો દિલ્લી તખ્ત ધરનાર. એ રાગ

ધિઃક ધિઃક સ્ત્રી તુંને આવાર, નફ્ટ ફટ ફટ તનેરે;
શરમ નહીં આવી લગાર, નફટ ફટ ફટ તનેરે.
ત્રિયા મુલ છે ત્રણ બદામ, નફટ ફટ ફટ તનેરે;
લુંટાઓછો ક્ષત્રીઓની લાજ, નફટ ફટ ફટ તનેરે.
શીદ અવતરી ક્ષત્રીને પેટ, નફટ ફટ ફટ તનેરે;
તુંને પાવું જોઇએ ઝેર, નફટ ફટ ફટ તનેરે.

શું બનાવેછે મોઢું તારૂં બાળ, નટ ફટ ફટ તનેરે;
દુષ્ટ અહીંથી જા નિરધાર, નફટ ફટ ફટ તનેરે;

ચંદ્રકાન્તા— **લલિત.**

અરર ઓ પતિ, આ શું રે કર્યું, અબળા જાતિનું સુખ સહુ હર્યું;
ઉમેદ તો હતી, મનમાંયરે, બેસીશું સુખે, સ્વામી પાસરે.
નીપટ નાથજી, ન આણ્યો નેહરે, અનંગ અગ્નિથી દાઝે દેહરે;
ક્રોધ કેમ કર્યો, રશીક રાયરે, થરર તો તનું મારી થાયરે.

(રાણીને ફીટકાર દેઇ શુરશેન રણસંગ્રામમાં જાય છે.)

—:o:—

સુરસેન.— **ક્ષત્રી કલંક કેમ લેશેરે. એ રાગ.**

નથી રંડાણી ભારત ભોમ, ક્ષત્રી બચ્ચો નહીં છોડેરે;
તેગ ધરવા ઉભાં થયાં રોમ, ક્ષત્રી બચ્ચો.
ખુટયું નથી ક્ષત્રીયોનું નીર, ક્ષત્રી બચ્ચો.
ધરે ઢાલ બંદુકને તીર. ક્ષત્રી બચ્ચો.
ઠામ ઠામ ગોતી મારૂં ઠેર, ક્ષત્રી બચ્ચો.
હજુ જોઈ નથી આ સમશેર; ક્ષત્રી બચ્ચો.
માથા ઉડે પછી ખાય માલ, ક્ષત્રી બચ્ચો.
ખોળી ખોળી પાડી નાંખુ ખાલ. ક્ષત્રી બચ્ચો.
કરી દગો ને કીધું છે કુડું કામ, ક્ષત્રી બચ્ચો.
શાને કરે છે મુરખ તું અભિમાન. ક્ષત્રી બચ્ચો.
તુજ શીરપર ભમે જમરાજ, ક્ષત્રી બચ્ચો.
રૂઠયા દીસે છે તુને ભગવાન, ક્ષત્રી બચ્ચો.
કાળુ મુખ લેઈ જા તું તારે ઘેર, ક્ષત્રી બચ્ચો.

નહીંતો કરી નાંખીશ ઠેર, ક્ષત્રી બચ્ચો નહીં છોડેરે.

દંતલશેઠ— **રાગ સદર.**

નથી પહેરી ચુડી અમે હાથ, કાયર કેમ લવલવેરે;
લેશું બળીયા સાથે બાથ, કાયર કેમ લવલવેરે.
નથી ક્ષત્રાણી જનેતા તારી સાર, કાયર કેમ.
કર્મ ફુટયું છે તારૂં નીરધાર, કાયર કેમ.
રામે માર્યો લંકેશ્વર રાય કાયર કેમ.
શીવે માર્યો ત્રીપુરાશુર ત્યાંય. કાયર કેમ,
માર્યો લક્ષ્મણે ભમર તરૂણ. કાયર કેમ.
શીશ કર્ણનું છેદે અરજુન, કાયર કેમ.
મારા બાણથી વીંધીશ તારૂં તન, કાયર કેમ.
ઠેર કરૂં નામ મારૂં દંતલ. કાયર કેમ.

(લડતાં લડતાં પ્રધાન પકડાય છે. રાજા તેને કચેરીમાં લેઇ જઈ શળીએ ચડાવવાનો વિચાર કરે છે એટલામાં ગોરંભને ખબર પડવાથી તે આવી માફી માગી ખરી વાત કહી દે છે.

[રાજાની કચેરીમાં ગોરંભ આવી હકીકત ઝાહેર કરી પોતે માફી માગે છે.]

(ધિક ચુવાળિક મુજને—એ રાગ.

ગોરંભ—માફ કરોને સહુ રાયજી, મારા દોષો અપારજી;
પવિત્ર દિસે છે પ્રધાન આ, નથી તેનો કાંઈ વાંકજી.
માફ કરોને સહુ રાયજી.

ક્ષમા કરોને રાજા રંકનું, નીચ અજ્ઞાન જાતજી;
અન્ય વખત આવું નહીં કરૂં, લાજ્યાં માતને તાતજી.
માફ કરોને સહુ રાયજી.

સુરસેન—નિમક હરામી તું ચાકરા, ફંદ કરીને અપારજી;
પ્રધાન તજાવ્યો માહરો, ધિઃક ધિઃક તુજ જાતજી;
નિમક હરામી તું ચાકરા.
આવો નહોતો હું જાણતો, પેંસેથી તુજ વાતજી;
નહીં તો રાખત નહીં દરબારમાં, મારા મેહેલ મોઝારજી,
નિમક હરામી તું ચાકરા.

ગોરંભ—મારોરે વાંક નથી એહમાં સાચું કહું આ વારજી;
વિદુષકના ભંભેર્યા થકી, કર્યો નીચ વિચારજી.
માફ કરોને સહુ રાયજી
હવેથી આવું કદી નહીં કરૂં, માનો મહિપત માહારાજજી;
દિન શેવકની દયા દિલે, લાવો રૂદયાની સાથજી.
માફ કરોને સહુ રાયજી

સુરસેન—આજ જાવા દઉં તુજને, નહીં તો મારત ઠારજી;
પણ પસ્તાવો તારો જોઇ, દયા દિલમાં બહુ થાયજી;
નિમક હરામી તું ચાકરા.
માફ કરૂં એક વખત તને, કદી કરીશ નહીં આ કામજી;
ઠોકર ખાઇને થજે પાંસરો, આવું કરીશ નહીં તું કામજી.
નિમક હરામી તું ચાકરા.

સર્વ પાત્રો— **રાગ આશાગોડી.**

નાટક નવિન રસાળ, ગ્રહસ્થો જોઇ, નાટક નવિન રસાળ;
આંખ્યે જોયું, કાને સુણ્યું, કરજો પૂર્ણ વિચાર— ગ્રહસ્થો જોઇ.
સાહસ કરી પાછળ પસ્તાવા, ભુલ ન ખાસો આપ—ગ્રહસ્થો જોઇ.
કામ કરજો સૂક્ષ્મ દ્રષ્ટીથી, ઈશ્વર થાશે સહાય—ગ્રહસ્થો જોઈ.
ફરી પધારવા તસ્દી લેજો, અવર ખેલમાં આપ,—ગ્રહસ્થો જોઈ.
ભૂલ ચુકની ક્ષમા માગે, પ્રીતે નાનાલાલ.—ગ્રહસ્થો જોઈ.

સમાપ્ત.

નવાં પુસ્તકો ખરીદશો?

નાટકો.

કજોડા દુઃખ દર્શક નાટક....................	૧—૮—૦
નવીપ્રજા દુર્દશા દર્શક નાટક................	૧—૪—૦
ભર્તૃહરી નાટક (મોરબીવાળુ)	૧—૦—૦
ચાંપરાજહાડો (મોરબીવાળુ)	૧—૦—૦
ઘુત દુઃખ દર્શક નાટક	૦—૧૧—૦
કુમિત્રદર્પણ નાટક	૦—૮—૦
શંકળદેવ દેવળદેવી નાટક.	૦—૮—૦
સતિ રાણકદેવી નાટક.	૦—૮—૦
માલિની નાટક.	૦—૮—૦
સુદામા ચરિત્ર નાટક.	૦—૮—૦
સતિ સુલોચના નાટક.	૦—૮—૦

અહીમહી રાવણ નાટક.	૦—૮—૦
રાણકદેવી રાહ ખેંગાર. (મોટું)	૦—૮—૦
મહારાજ દુલિપસિંહ કુમાર નાટક	૦—૮—૦
તારા વિજળી કષ્ટ નિવારણ નાટક	૦—૮—૦
ચંદ્રસિંહ દિપમણી નાટક.	૦—૮—૦
રતિ સ્વયંવર નાટક.	૦—૮—૦
રૂપસિંહ દુઃખ દર્શક નાટક.	૦—૮—૦
કામસેન રસિકા નાટક મોટું	૦—૮—૦
સ્વયંવરોદય નાટક.	૦—૬—૦
વિરસિંહ ચંદ્રિકા નાટક.	૦—૬—૦
ભર્તૃહરી નાટક મોટું (ભાવનગરનું)	૦—૬—૦
ચંદ્રશેન પદમાવતી નાટક.	૦—૪—૦
શ્રી ચતુરાઇ નાટક.	૦—૪—૦
કડક કન્યાને ખીસેલા પરણ્યા.	૦—૪—૦
સુંદર કામદાર નાટક.	૦—૪—૦
ગુજરાતી નાટક	૦—૪—૦
ભતૃહરી નાટકનાં ગાયનો.	૦—૨—૦
ચાંપરાજહાડાનાં ગાયનો.	૦—૨—૦
સતિ સુલોચનાનાં ગાયનો.	૦—૨—૦
ગુર્જરપતિ વનરાજ ચાવાડાનાં ગાયનો.	૦—૨—૦
પૃથુરાજ ચૌહાણનાં ગાયનો.	૦—૨—૦
સિદ્ધરાજ જયસિંહનાં ગાયનો,	૦—૨—૦
ઉદેપુરના પ્રતાપસિંહનાં ગાયનો	૦—૨—૦
રાઠોડ કર્ણસિંહજીનાં ગાયનો	૦—૨—૦

——000——

વારતા.

બત્રીસ પુતળીની વારતા.	૩—૦—૦
બુદ્ધિની વૃધ્ધિ અને સદગુણનું ઘર.	૧—૮—"
સુડાબોહેતેરીની વારતા.	૧—૮—"
શાણી સુભદ્રા.	૧—૦—"
સદગુણી વહુની વારતા.	૦—૧૨—"
કરણ ક્રામાવતીની વારતા.	૦—૧૨—"
મૃગસેન કમળાવતીની વારતા.	૦—૮—"
મધુમાલતીની વારતા.	૦—૮—"

વૈદકનાં પુસ્તકો.

સુધાસંચિત વૈદકનો મોટો ગ્રંથ.	૪—૦—૦
વ્યાધિવિનાસ. યાને દર્દિનો દોસ્ત	૧—૮—૦
વૈદવલ્લભ.	૦-૧૨-૦
વૈદકનો સાર સંગ્રહ.	૦—૪—૦

વાજીંત્ર વગાડવાનાં પુસ્તકો.

ફિડલ ગાઇડ	૦—૪—૦
હારમોનીયા ફ્લીસ ગાઇડ.	૦—૬—૦
સંગીત શાસ્ત્ર. (જેમાં નરઘાં, સતાર વીગરે)	૦—૪—૦
હાથ વાજું શિક્ષક.	૦—૩—૦

☞ આ શિવાય સરકારી નિશાળોમાં ચાલતી ચોપડીઓ તથા તેના અર્થ, જૈનધર્મનાં તથા વિષ્ણુધર્મનાં સઘળાં પુસ્તકો તથા વાર્ત્તાઓ, નાટકો, ફારસો વિગરે બીજા ઘણી જાતના પુસ્તકો અમારી પાસેથી રોકડી કીંમતે મળશે.

વખામણી.

કંઠોદય આ નામની દવાનો ઉપયોગ શોખીન પ્રખ્યાત ગાનારાઓએ કર્યો છે ને તેથી તેમને સંપુર્ણ સંતોષ ઉપજ્યા છે. ગમે તેવા કારણથી રાગ બગડી ગયો હોય તો તેને થોડી મુદતમાં સુધારી કોકીલ જેવો સ્વર કરવા[illegible] અત્યુત્તમ છે.

કીમત ડબી એકનો રૂ. ૧--૦--૦

સર્વાંગમીત્ર આ દવા વિર્યની વ્રદ્ધી કરવામાં, ચાંદી, પરમીઓ, લુખસ, વીગેરે મટાડવામાં તેમજ ગમે તેવા કારણથી નપુસક થયેલા પુરૂષને તેનું પુરૂષાતન પાછું બક્ષવામાં આત ચમત્કારી છે.

કીમત ગોળી ૪૦ નો રૂ. ૧--૦--૦

નેત્રાંજન, આ દવા રાંધવાથી, ઘણું વાંચવાથી થતા દરદો જેવાં કે—રતાંધળાપણું, તીમીર, આંખ પાણીનું ગળવું, દુખાવો વીગેરે તમામ રોગોને ટુંક મુદતમાં નસાડી મુકે છે.

કીમત તોલા ૧ ના રૂ. ૨--૦--૦

દવા મંગાવનારે ટપાલ [illegible] રૂપીઓ વધારે મોકલવા. આ સિવાય બીજા ઘણી જાતના રોગોની દવા અમારી પાસે છે જેમણે તેજ રોગનાં ચિન્હ વીગેરે લખી જણાવ્યાથી ખુલાસો મળશે.

અમદાવાદ	**શા. નાનાલાલ મગનલાલ.**
ગુસાપારેખની પોળ.	કમીશન એજંટ.